જા.નં.સીબી-૨/બીનખેતી/ ૧૨૪૩

સને૨૦૧૫
કાર્યપાલક ઈજનેર શ્રીની કચેરી,
ભરૂચ (મા. અને મ.) વિભાગ,
જીલ્લા સેવાસદન-૧,
ભરૂચ. ફોન નં. : ૬૫૧૬૪૧
તા.: ૩/૩/૨૦૧૫

પ્રતિ,
કલેકટરશ્રી
કલેકટર કચેરી (ચીટનીશ શાખા)
ભરૂચ.

વિષયઃ- બીનખેતીની પરવાનગી મળવા બાબત./ રીવાઈઝડ પ્લાન મંજૂર કરવા બાબત
મોજે ઉમરાજ તાલુકો ભરૂચ સ.નં. ૧૧૯
હેતુ વાણિજય બાંધકામ માટે

સંદર્ભઃ- આપની કચેરીના પત્ર ક્રમાંક ભુમિ/રી.પ્લાન/વશી/૫૧૩ તા. ૨૭/૧/૧૫

ઉપરોકત વિષયનાં અનુસંધાનમાં જયભારત સાથે જણાવવાનું કે, અરજદારશ્રી મુકેશભાઈ નરભેરામ ચદરવાલા મોજે ઉમરાજ તાલુકો ભરૂચ જી. ભરૂચનાં સ.નં. ૧૧૯ માં વાણિજય બાંધકામના હેતુ માટે રીવાઈઝડ પ્લાન મંજુર કરવા બીનખેતીની પરવાનગી માંગેલ છે.

સુચિત સ્થળ ભરૂચ લીંક રોડના કી.મી. ૧/૪ થી ૧/૬ વચ્ચે રસ્તાની ડાબી તરફ રસ્તાની મધ્યરેખાથી કાટખુણે ૨૬ મીટર દૂર તથા લાગુ કેરેજ વે ની મધ્યરેખાથી કાટખુણે ૨૨.૫૦ મીટર દૂર વાણિજય બાંધકામ ભરૂચ અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ (બૌડા) ના નિયમો અનુસાર કરવાનું હોવાથી, બાંધકામ રેખાનો ભંગ થતો ન હોય, વાંધા સરખું નથી, જેથી નીચે જણાવેલ શરતોને આધીન રહી અભિપ્રાય કરવામાં આવે છે.

(૧) સુચિત ભરૂચ લીંક રોડના કી.મી. ૧/૪ થી ૧/૬ વચ્ચે રસ્તાની ડાબી તરફ રસ્તાના મધ્યબિંદુથી કાટખુણે ૨૬-૦૦ મીટર દુર તથા લાગુ કેરેજવે ની મધ્યરેખાથી ૨૨.૫૦ મીટર દુર નાં અંતરે બાંધકામ કરવાનું રહેશે.

(૨) રસ્તાની હદથી નિયંત્રણ રેખા વચ્ચે આવતી જમીનમાં બાંધકામની પરવાનગી આપવી નહી.

(૩) જમીન માલીક પોતાની હદમાં કમ્પાઉન્ડ વોલ બનાવવા માંગે તો તેની જમીન તળથી ઉંચાઈ ૧.૮૫ મીટરથી વધુ ઉંચી હોવી જોઈએ નહીં. ભવિષ્યમાં સરકારશ્રીને માર્ગનાં કોઈપણ કામ માટે જમીનની જરૂર પડે તો, આ દિવાલ વિના વળતરે માલિકે પોતાના ખર્ચે અને જોખમે હટાવી લેવાના રહેશે.

(૪) સદર અભિપ્રાય *ભરૂચ લીંક રોડના કી.મી.૧/૪ થી ૧/૬ વચ્ચે રસ્તાની ડાબી તરફ* હયાત રસ્તાની ડામર સપાટીનાં મધ્યબિંદુંથી *૨૬ મીટર દૂર તથા લાગુ કેરેજવે ની મધ્યરેખાથી કાટખુણે ૨૨.૫૦ મીટર દૂર વાણિજય* બાંધકામ માટે જ આપવામાં આવે છે. હેતુફેર થઈ શકશે નહી.

(૫) એપ્રોચ રસ્તાની પરવાનગી સ્લેબ ડ્રેઈન સહિત અલાયદી લેવાની રહેશે.

(૬) બાંધકામ શરૂ કરતાં પહેલાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી શહેર (મા. અને મ.) પેટા વિભાગને જાણ કરવાની રહેશે. અને બાંધકામ તેઓના પરામર્શમાં રહી કરવાનું રહેશે.

(૭) બાંધકામ કરતી વખતે હયાત રસ્તાની ગટરો પુરાઈ ન જાય તેની તકેદારી રાખવાની રહેશે. તેમાં પાણીના નિકાલની સંપુર્ણ જવાબદારી અરજદારશ્રીની પોતાની રહેશે.

(૮) પરવાનગી આપતાં હુકમ અત્રેની કચેરીના રેકર્ડ અર્થે આપવાની રહેશે.

(૯) સદર અભિપ્રાય બાબતે સરકારશ્રીનાં વખતો વખતનાં રેખા નિયંત્રણના નિયમો અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૧૦) ઉપરોકત શરતો પૈકી કોઈપણ શરતનો ભંગ થશે તો, આપેલ પરવાનગી આપોઆપ રદ થયેલ ગણાશે.

કાર્યપાલક ઈજનેર,
ભરૂચ(મા. અને મ.) વિભાગ,
ભરૂચ.

નકલ રવાના:

પ્રતિ, નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, શહેર (મા. અને મ.) પેટા વિભાગ ભરૂચ તરફ તેઓશ્રીનાં જા.નં.પીબી/૩૩૯/૨૦૧૫ તા. ૨૫/૨/૨૦૧૫ નાં અનુસંધાનમાં.